# મુખ્ય મકાઇ સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., ગોધરા દ્વારા છબનપુર ખાતે ખેડૂત શિબિર યોજાઇ

પંચમહાલ જિલ્લાનો મુખ્ય પાક એવા મકાઇ પાકના વધુ ઉત્પાદન માટે મુખ્ય મકાઇ સંશોધન કેન્દ્ર, ગોધરા દ્વારા તાજેતરમાં ગોધરા તાલુકાના છબનપુર ગામે ટ્રાન્સફર ઓફ ટેકનોલોજી યોજના હેઠળ તા.૦૭/૦૭/૨૦૧૭ ના રોજ તાલીમ શિબિર યોજાઇ હતી.

ખેડૂતોને મકાઇની આધુનિક તાંત્રિકતાઓથી વાકેફ કરવા એ ખૂબ જ અગત્યનું હોઇ આ અંગેની તાલીમ આપવા માટે ટ્રાન્સફર ઓફ ટેકનોલોજી યોજના હેઠળ ગોધરા તાલુકાના છબનપુર ગામે આયોજીત તાલીમમાં અંદાજીત ૧૦૦ ખેડૂત ભાઇઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. ડૉ.એમ.બી.પટેલ, સહ સંશોધન વૈજ્ઞાનિકશ્રી(મકાઇ)એ મકાઇની મુલ્ય વર્ધિત જાતો અંગેની ઉંડાણપૂર્વક માહિતી સમજાવી હતી અને મૂલ્ય વર્ધિત જાતો વાવવા માટે ભાર મૂકયો હતો.

પ્રો. કે.એચ.પટેલ, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક દ્વારા મકાઇની નફાકારક અને વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ અંગેના ચાવીરૂપ મુદ્દાઓ માટેની તાંત્રિકતાઓ વિગતવાર સમજાવેલ હતી અને બે ફૂટના અંતરે મકાઇ વાવવા માટે ભાર મૂકયો હતો તથા પાકને નિંદામણ મુકત રાખવા જણાવેલ હતું.

ડૉ. ભરતભાઇ ઠક્કરે પ્રથમ હરોળના નિદર્શન અંગેની માહિતી આપી હતી તથા ખેડૂતોના પ્રોશ્નોનું નિરાકરણ કરેલ હતું. પ્રો. ડી.એમ.રાઠોડે જૈવિક ખાતરોની અગત્યતા તથા બાયોફર્ટીલાઇઝરનો ઉપયોગ કરી, રાસાયણિક ખાતરની બચત કરી ખેતી ખર્ચ ઘટાડવા અનુરોધ કરેલ હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મુખ્ય મકાઇ સંશોધન કેન્દ્ર, ગોધરાના પ્રો. કે.એચ.પટેલ અને ડૉ. ભરતભાઇ ઠક્કરે કરેલ હતું.



ટ્રાન્સફર ઓફ ટેકનોલોજી અંતર્ગત
ખેડુત તાલીમ શિબિર
આયોજક:- મુખ્ય મકાઈ સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ, ગોધરા
સ્થળ: છબનપુર ,તા ગોધરા જિ. પંચમહાલ
તારીખ:- ૦૭/૦૭/૨૦૧૭
સંશોધન વૈજ્ઞાનિકશ્રી(મકાઈ)
મુખ્ય મકાઈ સંશોધન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, ગોધરા